ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

## રાયસણ સ્થિત ગુડાની આવાસ યોજનામાં

# ખુલ્લા સંપમાં પડી જવાથી માસુમ બાળકીનુ કરૂણ મોત

**રાયસણ સ્થિત આવાસ યોજનાના બ્લોક નં -૩૫૨ની ઘટના સાંજના સમયે બ્લોકમાં નીચે રમતી માસુમ જેનિસા ખુલ્લા હોજમાં ગરકાવ થઇ ગઇ : યુવાને હિંમત પુર્વક બહાર કાઢી પરંતુ જીવ ન બચાવી શકાયો**

ગાંધીનગર તા ૨૧

શહેરી વિકાસ સત્તા મંડળ નિર્મિત શુભ લાભ આવાસ યોજનાના મકાનો દિનપ્રતિદિન ખંડર બની રહ્યા છે. આવાસોમાં સુવિધાના નામે મીંડુ છે. ત્યારે આવાસોમાં રહેતા રહીશો અને આવતા મુલાકાતીઓની સલામતી સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. આજે રાયસણ સ્થિત ગુડાની આવાસ યોજનાના બ્લોક નં -૩૫૨ માં એક નાની બાળકી રમતા રમતા ખુલ્લી અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં ગરકાવ થઈ જતા તેનુ કરૂણ મોત નિપજયુ હતુ. માસુમ બાળકીના મોતથી સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો હતો. ગુડાની આવાસ યોજનાના સંપમાં ઢાંકણ પણ ખુલ્લુ હોવાના લીધે બાળકી રમતા રમતા જ સીધી મોતને ભેટી ગઈ હતી.

ગુડા નિર્મિત આવાસ યોજનામાં અનેકવાર ભેજ આવતો હોવાની સાથે ખુલ્લા વાયરીંગ સહીતના જોખમી દ્રશ્યો ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત સ્થાનિકોમાં પ્રવર્તી છે. એકબાજુ ભાડુઆતો મકાન ખાલી ન કરતા હોવાની વાત આડી ધરીને અત્યાર સુધી જાળવણીના મામલે બેફીકર રહેલા ગુડાના તંત્રએ હવે આવાસોની જાળવણીના મામલે સાવ હાથ ઉંચા કરી દીધા છે. ગુડાના આવાસોનુ કામ અને જાળવણી માટે જવાબદાર એજન્સીને પણ અગાઉ અનેકવાર નોટીસ આપવામાં આવી હોવાનુ ગુડાના અધિકારીઓ જણાંવે છે પરંતુ હજુ સુધી કાંઇ થયુ નથી. ત્યારે ગુડાના આવાસમાં રહીશોની સલામતી સામે પણ ગમે ત્યારે ખતરો મંડરાય તેવી દહેશત વચ્ચે સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. ગુડાની રાયસણ સ્થિત આવાસ યોજનામાં પોતાના માસાના ઘરને આવેલી જેનિસા દિપક થાપા સાંજના સમયે બ્લોકમાં નીચે રમતી હતી આ વેળાએ આ માસુમ બાળકી નજીકમાં સ્થિત ખુલ્લા સંપમાં પડી ગઇ હતી. ખુલ્લા સંપમાં પડેલી બાળકીને બહાર કાઢવા માટે એક જાંબાઝ યુવાન પડયો હતો જયારે બાળકીને સારવાર અર્થે કુડાસણની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી પરંતુ તબીબી પ્રયાસોના અંતે પણ તેનો જીવ બચી શકયો ન હતો. બાળકી હોઝમાં પડી જતા રહીશોમાં દોડધામ મચી જવા પામી હતી. માસુમ બાળકીને આખરે મોત ભરખી જતા સમગ્ર પરિવારજનો તેમજ આવાસ યોજનાના રહીશો શોકમાં ગરકાવ થઇ ગયા હતા. આ લખાઇ રહ્યુ છે ત્યાં સુધી આ બનાવ સંદર્ભે કોઇ પોલીસ ફરિયાદ નોંધાઇ ન હતી.

# શહેરમાં ઠંડીની જમાવટ : પારો ૯.૫ ડીગ્રી

**સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી : સતત ત્રીજા દિવસે પણ ઠંડીનો પારો ગગડયો : નગરજનો ઠંડીની અસરથી સુન્ન : જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર તા ૨૧

શહેરમાં સતત ત્રીજા દિવસે ઠંડીનો પારો ગગડયો હતો. ઠંડીની આકરી અસરથી જનજીવન પણ સુન્ન પડી ગયુ છે. વહેલી સવારે અને મોડી સાંજે અસહ્ય ઠંડીનુ મોજુ ફરી વળતા નગરમાં સુનકાર વ્યાપી જાય છે. રોજ બરોજ ઠંડીનો પારો ૦.૫ ડીગ્રી નીચે ગગડતા આજે સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન આજે ૯.૫ ડીગ્રી સાથે સિંગલ ડીઝીટમાં પહોંચી ગયુ હતુ. ડિસેમ્બરના અંતમાં ઠંડી અસહ્ય બનતા નગરજનો કોલ્ડવેવની અસરથી પ્રભાવિત છે. જયારે આકરી ઠંડીના લીધે વડીલોની હાલત દયાજનક બની છે.

શહેરમાં ઠંડીનો પારો રોજબરોજ ઉંચકાઈ રહ્યો છે. અલબત્ત ઠંડીનુ જોર વધતા શહેરીજનો હવે અસહ્ય કોલ્ડવેવની ગિરફતમાં આવી ગયા છે. આકરી ઠંડીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. છેલ્લા ત્રણ દિવસથી સતત ઠંડીનો પારો ગગડી રહ્યો છે. રોજ બરોજ સિઝનની મહત્તમ ઠંડીનો રેકર્ડ તુટી રહ્યો છે. અત્યાર સુધી ઠંડીનો પારો ડબલ ડીઝીટમાં હતો જયારે હવે લઘુત્તમ તાપમાન સિંગલ ડીઝીટમાં આવી ગયુ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી નોંધાયુ હતુ જયારે આજે ઠંડીનો પારો ૯.૫ ડીગ્રી રહેતા સિઝનનો સૌથી ઠંડો દિવસ પુરવાર થયો હતો. શહેરમાં ઠંડીનુ પ્રમાણ વધતા નગરજનો હવે રાત્રિના સમયે ઘરમાં પુરાયેલા રહેવાનુ જ પસંદ કરે છે. એકબાજુ કોરોનાના કહેરથી બચવા માટે કામ સિવાય ઘરની બહાર ન નિકળવુ સલાહભર્યુ છે.

ત્યારે ઠંડીએ પણ સૌ કોઈને ઘરમાં જ રહેવા માટે મજબુર કર્યા છે. આકરી ઠંડીનુ મોજુ ફરી વળતા દિવસ દરમિયાન પણ નગરજનો ગરમ કપડામાં સજ્જ જોવા મળી રહ્યા છે. જયારે ઠંડી સામે રક્ષણ મેળવવા માટે પૌષ્ટીક વસાણા અને લીલા શાકભાજી સહીતની ચીજવસ્તુઓ ખાવાનુ પણ વધુ પસંદ કરે છે. ઠંડીની અસરથી સાંજ ઢળતા જ નગરના સેકટરોમાં પણ સન્નાટો છવાઈ જાય છે. નાગરિકો ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરતા સેકટરોની શેરીઓમાં પણ સુનકાર જોવા મળે છે. નવા સેકટરોની શેરીઓમાં ઠંડીના સન્નાટા વચ્ચે સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતી હોવાથી સ્થાનિકોને તસ્કરી વૃતિનો ભય પણ સતાવી રહ્યો છે.



શોર્ટકટ - ગાંધીનગરમાં શોર્ટકટનો મહિમા મોટો છે... ઝડપથી કામ કેવી રીતે પતે... ઝડપથી અભ્યાસ કેવી રીતે પુરો થાય... ઝડપથી પૈસાદાસ કેમ બનાય..થી લઈને ઝડપથી કેવી રીતે આવન-જાવન થઈ શકે ત્યાં સુધીનો વિચાર માત્ર ને માત્ર ગાંધીનગરમાં જ આવે છે... રખડતા ઢોરથી વસાહતીઓને બચાવવા માટે, ચોરી-લૂંટનો ભય ઓછો કરવા માટે સુરક્ષાના હેતુસર સેક્ટરને ફરતે બનાવેલી કમ્પાઉન્ડ વૉલમાંથી કેવા-કેવા શોર્ટ કટ શોધાય છે તેની બોલતી તસવીર... જેમાં આપણે જોઈ શકીએ છીએ કે, જાતે ઠેકઠેકાણે બ્લોક્સ કાઢી નાખીને સરળ આવન-જાવન માટે બાકોરા ઉભા કરાયા છે... આ છે, સેક્ટર-૩બીની તસવીર....

# શહેર-જિલ્લામાં કોરોનાના કેસ ઘટ્યા : નવા ૩૬ કેસ : ૬૩ ડિસ્ચાર્જ

**સરગાસણમાં ૪ વર્ષના બાળક સહિત ગ્રામ્યવિસ્તારમાં ૨૨ કેસ : ગાંધીનગરમાં ૮, દહેગામ-માણસામાં ૫-૫ કેસ તો કલોલમાં ૪ કેસ : સે. ૭ માં ૪ અને સે. ૨૨-૨૩ માં બે-બે કેસ શહિત શહેરમાં ૧૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રહ્યો છે. આજે સતત બીજે દિવસે ૪૦ થી ઓછા કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૨ કેસ અને શહેરમાં ૧૪ કેસ નોંધાયા છે. આજે પણ જિલ્લામાં નોંધાયેલા કેસો કરતાં રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા ૬૩ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. જો કે સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. કલોલમાં પણ પુનઃ કોરોનાએ દેખા દીધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૨૨ કેસમાં ગાંધીનગરમાં ૮, દહેગામ અને માણસામાં ૫-૫ તેમજ કલોલમાં ૪ કેસ મળી આવ્યા છે. દહેગામ-માણસા તાલુકામાં બે દિવસથી કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામેથી આજે ૪ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કુડાસણમાં ૧૭ વર્ષના યુવાનનો તેમજ દહેગામમાંથી ૧૮ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ટીનેજર્સમાં સંક્રમણના કેસો મળતાં પણ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૨૨ કેસમાં ૮ મહિલા દર્દીઓ તેમજ યુવા દર્દી વધારે નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં આજે સરગાસણ ગામેથી બે કેસ મળી આવ્યા છે. જેમાં ૪ વર્ષના બાળક અને ૨૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત વાસણા હડમતિયા, દશેલા, લેકાવાડા, રાંધેજા, કુડાસણ, ઝુંડાલ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાંથી આજે ૫ કેસ મળી આવ્યા છે. જેમાં ત્રણ કેસ ગ્રામ્ય વિસ્તાર અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ખાનપુર, નાંદોલ, લવાડ ગામેથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. આ કેસોમાં બે કેસ માણેકપુર ગામેથી મળવા ઉપરાંત બોરૂ, રિદ્રોલ અને ઈશ્વરપુરા ગામેથી કેસો મળ્યા છે.

કલોલ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. નારદીપુર, પલીયડ(વેડા) અને લીંબોદરા ગામેથી બે કેસો મળી આવ્યા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળી આવતાં તંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે વધુ ૪૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૫૦૮ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૬૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે એક દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦,૮૧૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગટર લાઈનના તુટેલા મેઈનહોલના સમારકામ માટે ઝુંબેશ

**સે-૧ થી ૧૫માં દાયકાઓ જુની લાઇનના મેઇનહોલમાં ભંગાણ પુરવા ટીમ કામે લાગી : નવા ઢાંકણો પણ મુકાશે**

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો રોજબરોજ ઉઠવા પામે છે. સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈનના મેઈનહોલ પણ વારંવાર તુટી જાય છે. જયારે મેઈનહોલની સાથે તેના ઢાંકણો પણ તુટેલા હોવાની ફરિયાદો વધુ ધ્યાને આવતા તંત્રએ આ મામલે ઝુંબેશ હાથ ધરી છે. શહેરના નવા સેકટરોમાં આ પ્રકારના મેઈનહોલને યોગ્ય કરવા માટે તંત્રએ કામ શરૂ કરી દીધુ છે.

શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજનાનુ કામ પણ હાથ ધરવામાં આવનાર છે. આ ઉપરાંત દાયકાઓ જુની ગટર લાઈન પણ અપગ્રેડ કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જો કે આ કામગીરી શરૂ થતા હજુ સમય લાગશે જયારે ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે મોટા ડાયામીટરની લાઈન નાંખવામાં આવશે. આ ઉપરાંત જરૂર મુજબ નવા મેઈનહોલ પણ તૈયાર કરાશે. નવી લાઈન નાંખવા માટેની કામગીરી પુર્વે હાલ સેકટરોમાં ગટરલાઈનના જુના મેઈનહોલ તુટી જવા સહીત ગટર લાઈનના ઢાંકણ પણ ન હોવાની ફરિયાદો વિશેષ ઉઠવા પામી હતી જેને અનુલક્ષીને તંત્ર દ્વારા સે-૧ થી ૧૫ ના રહેણાંક વિસ્તારમાં આ ફરિયાદોને ડામવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નવા સેકટરોમાં હાલ આ મુજબના મેઈનહોલ રીપેર કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નવા સેકટરોમાં ગટર લાઈનના મેઈન હોલ રીપેર કરવા માટે ટીમ કામે લાગી છે. ત્યારે આગામી દિવસોમાં નવી લાઈન નાંખવા માટે પણ કામગીરી હાથ ધરાશે. શહેરના સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈન છે. જેના લીધે વારંવાર ગટરો ઉભરાતી નજરે પડે છે. જયારે ગટર લાઈનના મેઈનહોલમાં પણ ભંગાણ સર્જાય છે. આવા સંજોગોમાં જયાં સુધી નવી લાઈન નાંખવામાં નહીં આવે ત્યાં સુધી સમસ્યાનો કાયમી અંત આવશે નહી પરંતુ હાલ સ્થાનિકોની ફરિયાદોને ડામવા માટે તંત્ર કામે લાગ્યુ છે.

# રાજ્યસભાની ખાલી બે બેઠકોની ચૂંટણી અલગ-અલગ થવાના સંકેત

**ગુજરાતના રાજકારણમાં ફરી ઉલટફેરની શક્યતા : કોંગીના વરિષ્ઠ નેતા અહેમદ પટેલ અને ભાજપના અભય ભારદ્વાજના નિધનથી બે બેઠકો ખાલી પડતાં ચૂંટણી યોજાશે**

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતની રાજનીતિમાં ફરી એકવખત મોટા ઉલટફેર જોવા મળી રહી છે. ગુજરાતમાં રાજ્યસભાની સીટ પર ચૂંટાઈ આવેલા અહેમદ પટેલ, અભય ભારદ્વાજના નિધનથી ફરી એકવાર તે બન્ને બેઠકો ખાલી થઈ છે, જેને લઈને કોંગ્રેસ અને ભાજપમાં ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. હાલ રાજ્યસભાની બન્ને બેઠકોને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. ગુજરાતમાં ખાલી રાજ્યસભાની બંને બેઠકોની ચૂંટણી અલગ અલગ યોજાશે તેવા વાવડ મળી રહ્યા છે. હાલ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાતના ચૂંટણી પંચને પત્ર લખવામાં આવ્યો છે.

ગુજરાતના રાજ્યસભામાં ચૂંટાઇ આવનારા સાંસદ અભય ભારદ્વાજનું કોરોના બાદ હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું હતું, તેઓ જૂન મહિનામાં જ ભાજપની ટિકિટ પરથી ચૂંટાઇ આવ્યા હતા. તેના પહેલા કોંગ્રેસના

● અનુસંધાન પાન-૭ પર



Second largest player in the MSW Management market that's estimated at ₹50 billion for FY 2020 and expected to reach ₹98 billion by 2025.*




- Second largest player in the Indian Municipal Solid Waste Management Industry with end to end capabilities
- Amongst the key players in landfill construction and management sector with in house expertise for landfill construction
- Established track record of more than 19 years in executing solid waste management projects
- Diverse portfolio of projects
- Undertaken more than 25 projects, as of November 15, 2020, of which 18 are ongoing
- As of November 15, 2020, own a fleet of 1,147 vehicles of which 969 are equipped with GPS technology
- Moving up the value chain by diversifying into emerging waste management areas including Waste-to-Energy (WTE)
- 7,391 full time employees, as of November 15, 2020

Antony Waste Handling Cell Limited
www.antony-waste.com

*Source: "India Solid Waste Management Overview" Report prepared by Frost and Sullivan

Adfactors 703

**Antony Waste Handling Cell Limited** is proposing, subject to, applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC. The RHP shall be available on the websites of SEBI, BSE and NSE at www.sebi.gov.in, www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the website of the BRLMs, i.e., www.equirus.com and www.iiflcap.com. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, please see the section entitled ***"Risk Factors"*** beginning on page 22 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision.
This announcement does not constitute an offer of Equity Shares for sale in any jurisdiction, including the United States, and the Equity Shares may not be offered or sold in the United States absent registration under the U.S. Securities Act of 1933 or an exemption from registration. Any public offering of the Equity Shares to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the Company and that will contain detailed information about the Company and its management, as well as financial statements. However, the Equity Shares are not being offered or sold in the United States.

# હજુ રાજ્યમાં કાતિલ ઠંડી પડવાની આગાહી

**રાજ્યમાં માવઠા અને ૨૫ ડિસેમ્બરથી ઠંડી વધવાની કરાઈ આગાહી : રાજ્યના અનેક વિસ્તારોમાં પારો સિંગલ આંકડામાં પહોંચે એવી શક્યતાઓ**

ગાંધીનગર,તા.૨૧

ઉત્તર દિશાના બર્ફીલા પવનોની અસર ગુજરાતના વાતાવરણ પર થઈ રહી છે. રાજ્યમાં સતત ત્રીજા દિવસે લઘુતમ તાપમાન ૧૨ ડીગ્રીથી નીચે નોંધાયું છે, ત્યારે હવે ફરીવાર એક માવઠાની આફતના એંધાણ વર્તાઈ રહ્યાં છે. આગામી ૨થી ૩ જાન્યુઆરીની આસપાસ એક મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થશે, જેનો ટ્રફ હિમાલયથી પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતથી અરબ સાગર સુધી લંબાવાય એવી શક્યતાઓ છે, જેથી હવે આગામી ૨૫ ડિસેમ્બરથી રાજ્યમાં ગાત્રો થીજવતી ઠંડીનો રાઉન્ડ શરૂ થશે. રાજ્યના અનેક વિસ્તારોમાં પારો સિંગલ આંકડામાં પહોંચે એવી શક્યતાઓ સેવવામાં આવી છે. જાન્યુઆરીના શરુઆતના દિવસોમાં માવઠું થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

હાલમાં ઠંડીમાં આંશિક ઘટાડો અનુભવાશે, પરંતુ આગામી ૨૫ ડિસેમ્બરથી ઠંડીમાં વધારો થશે. રવિવારે પણ નલિયા ૮.૪ ડીગ્રી સાથે રાજ્યમાં ઠંડુંગાર રહ્યું હતું, જ્યારે અમદાવાદમાં ૧૩.૬ ડીગ્રીએ સરેરાશ લઘુતમ તાપમાનનો પારો રહ્યો હતો, જ્યારે ગાંધીનગરનું લઘુતમ તાપમાન ઘટી ૧૦ ડીગ્રીએ પહોંચી જતાં લોકો ઠૂઠવાયા હતા. હવામાન વિભાગે હજુ આગામી બે દિવસ દરમિયાન નલિયામાં કોલ્ડ વેવ રહેવાની આગાહી કરી છે. ઉત્તર ગુજરાતની સાથે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૨૪ કલાક સુધી કોલ્ડ વેવની અસર જોવા મળશે, જેથી હાલમાં ઠંડીનું મોજું જળવાઈ રહેશે. રવિવારે ગાંધીનગરનું લઘુતમ તાપમાન ઘટી ૧૦ ડીગ્રીએ પહોંચી ગયું હતું.

આ સાથે ડીસામાં ૯.૬ ડીગ્રી, કંડલા ૧૦ ડીગ્રી, વડોદરામાં ૧૩.૬ ડીગ્રી, રાજકોટમાં ૧૧.૫ ડીગ્રી, ભુજમાં ૧૧.૨ ડીગ્રી, તાપમાન નોંધાયું હતું. પવનની દિશા બદલાઈને ઉત્તરથી દક્ષિણ-ઉત્તરના પવનો શરૂ થતાં અમદાવાદ સહિત મોટા ભાગનાં શહેરોનાં તાપમાનમાં ૧થી ૫ ડીગ્રી સુધીનો વધારો થયો છે. રાજ્યમાં નલિયા ૮.૪ ડીગ્રી સાથે સૌથી ઠંડુ શહેર બન્યું હતું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com